દાખલ તારીખઃ–૨૨/૦૭/૨૦૨૫
રજી. લીધા તારીખઃ–૨૨/૦૭/૨૦૨૫
ફેસલ તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૬
**ફોજદારી કેસ નં.૬૧૭/૨૦૨૫**
**આંકઃ–**

## (૧) ફોર્મ –એ

| |
|---|
| **સાયલાના મ્હે. શ્રી જે.વી.ચૌહાણ, જયુડિશીયલ મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુ–સાયલા**<br>સાયલા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૧૦૪૫૨૫૦૨૩૬/૨૦૨૫<br>પ્રોહી. એકટની કલમ– ૬૫(એઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ |
| ફરીયાદીઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદપક્ષે એપીપીશ્રીઃ– આર.જી.પહોચીયા |
| આરોપીઃ– (૧) નવઘણભાઇ નાગજીભાઇ ગેલડીયા, (૨) મહીપાલનાથ જેસલનાથ બ્લોચ<br>(૩) સોહીલભાઇ રમજાનભાઇ મમાણી, (૪) સુરજભાઇ ધીરૂભાઇ ગેલડીયા<br>(૫) કૃષ્ણકુમારસીંહ શીવરાજભાઇ ઝાલા<br>રહેવાસી –તમામ સાયલા, તા–સાયલા, જી–સુરેન્દ્રનગર |
| આરોપી તરફે વિ.વ.શ્રીઃ– એચ.બી.દવે |

## (૨) ફોર્મ – બી.

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૨૦/૦૪/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૦/૦૪/૨૦૨૫ |
| ચાર્જસીટની તારીખ | ૨૨/૦૭/૨૦૨૫ |
| ચાર્જફ્રેમની તારીખ | ૨૦/૦૯/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | ૨૭/૧૧/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | ૨૬/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ(જો હોય તો) | ––– |

### આરોપીની વિગતો

| ક્રમ | આરોપીનુ નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુના હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે | શુ દોષિત કે નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નવઘણભાઇ નાગજીભાઇ ગેલડીયા | ૨૦/૦૪/૨૫ | ૨૧/૦૪/૨૫ | પ્રોહી–૬૫(એઇ) ૧૧૬(બી),૮૧ મુજબ | નિર્દોષ | –– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | મહીપાલનાથ જેસલનાથ બ્લોચ | ૨૦/૦૪/૨૫ | ૨૧/૦૪/૨૫ | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |
| ૩ | સોહીલભાઇ રમજાનભાઇ મમાણી | ૨૯/૦૪/૨૫ | ૩૦/૦૪/૨૫ | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |
| ૪ | સુરજભાઇ ધીરૂભાઇ ગેલડીયા | ૨૯/૦૪/૨૫ | ૩૦/૦૪/૨૫ | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |
| ૫ | કૃષ્ણકુમારસીંહ શીવરાજભાઇ ઝાલા | ૦૧/૦૫/૨૫ | ૦૧/૦૫/૨૫ | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |

**(૩) ફોર્મ– સી**

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગતો.**

(એ) ફરીયાદપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૨ | ભેરૂસીંગ સુમેરસીંગ શેખાવત | પંચ |
| ૨ | ૧૫ | રમેશભાઇ મગનભાઇ શેખ | ફરીયાદી |
| ૩ | ૧૯ | જયપાલસીંહ દાદુભા રાઠોડ | ત.ક.અ. |

(બી) બચાવપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

(સી) કોર્ટ સાક્ષી

| ક્રમ | આંક | સાક્ષીના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

**ફરીયાદપક્ષ/બચાવપક્ષ/ કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ.**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | પંચનામુ |
| ૨ | ૧૬ | ફરીયાદ |

(બી) બચાવપક્ષ

| ક્રમ | આંક | સાક્ષીના નામ | વિગત |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

(સી) કોર્ટ સાક્ષી

| ક્રમ | આંક | સાક્ષીના નામ | વિગત |
|---|---|---|---|
| – | –– | ––નીલ–– | –– |

**–:: જજમેન્ટ ::–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગતઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ઉપરોકત બનાવના દિવસે અને સમયે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ પોતાના કબ્જા ભોગવટાવાળા શકિત સ્ટોન ભરડીયાની બંધ ઓફિસમાં ગેરકાયદેસર પાર પરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી Blenders Pride Exquisite Premium Whisky 750 એમ.એલ.ની બોટલ નંગ–૪૭, કુલ કિંમત રૂ.–૪૬,૦૧૩/– તથા Royal stag superior whisky 750 એમ.એલ.ની બોટલ નંગ–૧૨, કુલ કિંમત રૂ. ૬૩૦૦/– તથા White lace vodka 750 એમ.એલ.ની બોટલ નંગ–૨૮, કુલ કિંમત રૂ.–૧૦,૭૨૪/–ગણી તથા All Seasons golden collection reserve whisky 750 એમ.એલ.ની બોટલ નંગ–૨૫, કુલ કિંમત રૂ.–૧૨,૬૨૫/– ગણી કુલ કિંમત રૂ.૭૫,૬૬૨/– તથા મોટરસાઇકલ નંગ–(૨), કિંમત રૂ. ૫૦,૦૦૦/– ગણી તથા મોબાઇલ નંગ–(૨) કિંમત રૂ.૧૦,૦૦૦/– ગણી એમ મળી કુલ મુદામાલ કિંમત રૂ.૧,૩૫,૬૬૨/– ગણી આરોપી નં.૧ થી ૩ નાઓ હાજર નહી મળી આવી તથા આરોપી નં.૪,૫ નાઓ પકડાઇ જઇ ગુન્હો કરવામા એકબીજાની મદદગારી કરી, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એઇ),૧૧૬(બી), ૮૧ મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા સબંધિત પોલીસ સ્ટેશનના અધિકારીએ ફરીયાદીની ફરીયાદ અંગે ગુનો નોંધી ગુનાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય હાલનુ ચાર્જશીટ કરેલ છે.

સદર કામે ફરીયાદપક્ષના કેસ સબંધી ચર્ચા કરતા પુર્વે એ નોંધવુ જરૂરી છે કે, ગુજરાત સરકારશ્રી દ્વારા તાજેતરમાં પ્રોહીબીશન એકટમાં કરવામાં આવેલ સુધારા બાદ પ્રોહીબીશન એકટની જોગવાઇઓ તેમજ સજા સબંધી જોગવાઇઓમાં સુધારો કરવામાં આવેલ હતો. બાદ નામદાર ગુજરાત રાજય વડી અદાલત દ્વારા ફો.પ.અ.નં.૮૮૯૨/૨૦૧૮, તા.૦૫/૦૫/૨૦૧૮ દ્વારા આપવામાં આવેલ ચુકાદા મુજબ હાલના કાયદા અન્વયેના કેસ અત્રેની અદાલતને ચલાવવાની સત્તા આપવામાં આવેલ હોવાનુ ઠરાવેલ છે. જેથી પ્રોહીબીશન એકટ સુધારા બાદના કેસો ચલાવવાની સત્તા અત્રેની કોર્ટને આપેલ હોય, જેથી હાલનો કેસ

ચલાવવામાં આવેલ છે.

**(૨)** આરોપીને સમન્સ/વોરંટની બજવણી થતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ ની જોગવાઇ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીને આપવામાં આવેલની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક–૪ થી તહોમતનામુ ફરમાવી આંક–૫ થી આંક–૯ આરોપીઓની પ્લી નોંધવામા આવેલ છે. જેમા આરોપીએ ગુનો કબુલ કરવાનો ઇન્કાર કરેલ છે, જેથી સદર કેસ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) આ કામના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**મુદ્દા**

(૧) શુ ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ઉપરોકત બનાવના દિવસે અને સમયે ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂ પોતાના કબ્જા ભોગવટાવાળા શકિત સ્ટોન ભરડીયાની બંધ ઓફિસમાં ગેરકાયદેસર પાર પરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી Blenders Pride Exquisite Premium Whisky 750 એમ.એલ.ની બોટલ નંગ–૪૭, કુલ કિંમત રૂ.–૪૬,૦૧૩/– તથા Royal stag superior whisky 750 એમ.એલ.ની બોટલ નંગ–૧૨, કુલ કિંમત રૂ. ૬૩૦૦/– તથા White lace vodka 750 એમ.એલ.ની બોટલ નંગ–૨૮, કુલ કિંમત રૂ.–૧૦,૭૨૪/–ગણી તથા All Seasons golden collection reserve whisky 750 એમ.એલ.ની બોટલ નંગ–૨૫, કુલ કિંમત રૂ.–૧૨,૬૨૫/– ગણી કુલ કિંમત રૂ.૭૫,૬૬૨/– તથા મોટરસાઇકલ નંગ–(૨), કિંમત રૂ. ૫૦,૦૦૦/– ગણી તથા મોબાઇલ નંગ–(૨) કિંમત રૂ.૧૦,૦૦૦/– ગણી એમ મળી કુલ મુદામાલ કિંમત રૂ.૧,૩૫,૬૬૨/– ગણી આરોપી નં.૧ થી ૩ નાઓ હાજર નહી મળી આવી તથા આરોપી નં.૪,૫ નાઓ પકડાઇ જઇ ગુન્હો કરવામા એકબીજાની મદદગારી કરી,, પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એઇ),૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

**(૪) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.**

(૧) નકારમા

(૨) આખરી હુકમ મુજબ

## –:: <u>કારણો</u> ::–

**(૫)** ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમા નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવિતતા જ દર્શાવાની હોતી નથી. પરંતુ આરોપી ઉપરનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનુ રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઇ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવિતતા દર્શાવાની રહે છે. આરોપીએ અપવાદની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

**(૬)** ફરીયાદપક્ષે આંક– ૧૨ થી પંચ ભેરૂસીંગ સુમેરસીંગ શેખાવતનાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચ/સાહેદ પોતાની સોંગદ પરની સરતપાસમા જણાવેલ છે કે, તેઓ રસ્તા ઉપરથી જતા હતા ત્યારે પોલીસે બોલાવી એક લખેલ તૈયાર પંચનામામા સહી કરાવેલ. તે પંચનામુ શી બાબતનુ હતુ તેની ખબર નથી. પંચનામામા તેઓની સહી ઓળખી બતાવે છે જે પંચનામુ આંક–૧૩ થી રજુ કરેલ છે. સદર પંચની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતોને સમર્થન આપતા ન હોય.

મજકુર પંચની જુબાની જોતા તેઓ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય એપીપીશ્રીની મૌખીક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી તેઓએ વિગતવાર ઉલટતપાસ કરેલ છે. તેમ છતા પંચોની ઉલટતપાસમાંથી પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકિકત બહાર આવતી નથી.

આમ, પંચની સરતપાસ જોતા ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત બહાર આવતી નથી. જેથી ઉપરોકત પંચ/સાહેદના પુરાવાથી તેઓની હાજરીમા આ કામના આરોપી પાસેથી કોઇ પ્રોહીબીશન મુદામાલ દારૂ કબ્જે કરવામાં આવેલ હોય અને તે અંગેનુ વિગતવારનુ પંચનામુ તેઓના લખાવ્યા મુજબનુ તૈયાર કરવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી સામે પંચનામાની હકીકત પુરવાર કરી શકેલ નથી.

**(૬.૧)** સદર કામે ફરિયાદપક્ષ તરફથી ઉપર જણાવેલ આ કામના ફરીયાદીને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં સોંગદ ઉપર ફરીયાદ હકિકતને સમર્થનકારી પુરાવો આપી અને ફરીયાદમા તેમની સહી ઓળખી બતાવેલ છે, જે ફરીયાદ સદર

કામે આંક–૧૬ થી રજુ કરેલ છે. જયારે આરોપીપક્ષે કરવામાં આવેલ ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદી એ હકિકતોનો સ્વીકાર કરેલ છે કે," પોલીસ સ્ટેશનેથી કામગીરી અર્થે નીકળીએ ત્યારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની હોય છે. કહેવાતા બનાવ સમયે કયા વાહનમાં હતા તેની વિગત મારી ફરીયાદમાં જણાવેલ નથી. આરોપીઓના પ્રત્યક્ષ કબ્જામાંથી પ્રોહી.અંગેનો મુદામાલ કબ્જે કરવામા આવેલ નથી. બનાવવાળી જગ્યા કોની માલીકીની અને કોના કબ્જા ભોગવટાની હતી તેનો પુરાવો ફરીયાદ સાથે રજુ રાખેલ નથી. આરોપી નં.૧ થી ૩ નાઓ બનાવવાળા સ્થળે હાજર મળી આવેલ નથી તેમજ ફરીયાદમા આરોપી નં.૩ નુ પુરૂ નામ જણાવેલ નથી. ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. ઘણી વખત પ્રોહીબીશન મુદામાલ બિનવારસી મળી આવતો હોય છે. આ સિવાય ફરીયાદીને પુછવામાં આવેલ સવાલોના ઈન્કારમા જવાબ આપેલ છે.

**(૬.૨)** ફરીયાદપક્ષે આંક–૧૯ થી ત.ક.અ.ને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમા જણાવેલ છે કે, ગત તા.૨૦/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પો.કો. રણજીતભાઇ જળુભાઇ, પો.કો.નરેન્દ્રસીંહ પરમાર, સેખાભાઇ રોજીયા, રમેશભાઇ મગનભાઇ વિગેરે સ્ટાફના માણસો હેડ કોન્સ્ટેબલ એમ.એમ.પરમારનાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન કલાક–૧૭.૪૫ વાગ્યે સાયલા મુળી બાયપાસ પાસે પહોચતા અમોને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, સાયલા નેશનલ હાઇવે ઉપર આવેલ બાપાસીતારામ હોટલની બાજુમાં આવેલ શકતી સ્ટોન ભરડીયામાં કૃષ્ણરાજસીંહ શીવરાજસીંહ ઝાલા, રહે–સાયલાવાળા પોતાના કબ્જા ભોગવટાવાળા શકતી સ્ટોન ભરડીયા ખાતે સાયલા ગામમા સુરજભાઇ ગેલડીયા તથા સોહીલ મમાણી, રહે–બંને સાયલાવાળાઓએ ભારતીય બનાવટનો ઈગ્લીંશ દારૂ રાખી ગેરકાયદેસર વેચાણ કરે છે. જે બાબતની હકિકત અમોને મળતા સાથેના સ્ટાફને હકિકતથી વાકેફ કરી સાથેના પો.હે.કો.એમ.એન.પરમારનાઓને જાણ કરતા નજીકમાંથી બે પંચો બોલાવી હકિકતથી વાકેફ કરી બાતમીવાળી જગ્યાએ કલાક–૧૮.૧૦ વાગ્યે રેડ કરતા બાતમીવાળી જગ્યાએથી પોલીસને જોઇ બે ઇસમો નાશી ગયેલ અને અન્ય બે ઇસમો હાજર મળી આવેલ જેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતેપોતાનુ નામ નવઘણભાઈ નાગજીભાઈ ઘેલડીયા તથા બીજાએ પોતાનુ નામ મહીપતનાથ જેસલનાથ બ્લોચ, રહે–સાયલા હોવાનુ જણાવેલ તેમજ નાશીજનાર ઈસમ બાબતે પુછપરછ કરતા સુરજ ધીરૂભાઇ ગેલડીયા તથા સોહીલ મમાણી, જે બંને રહે–સાયલાવાળા હોવાનુ જણાવેલ. બાદ બાતમીવાળી જગ્યાએ ભરડીયાની બંધ ઓફિસ હોય જેથી પ્રોહી.એકટની કલમ–૧૨૦(બી) મુજબનો ઠરાવ કરી ઠરાવમાં પંચોની સહી લઇ ભરડીયાની બંધ ઓફિસ ખોલી અંદર પંચો રૂબરૂ ઓફિસની જડતી તપાસ કરતા ઓફિસમાં ગેરકાયદેસર

ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂનો જથ્થો મળી આવેલ. જે દારૂનો જથ્થો પંચો રૂબરૂ ગણી જોતા તેમા જુદી જુદી બ્રાન્ડની કુલ બોટલ નંગ–૧૧૨ મળી આવેલ, જેની કિંમત રૂ.૭૫૬૬૨/–ગણી તથા બે મોટર સાઇકલ જેની કિંમત રૂ.૫૦,૦૦૦/– તથા મોબાઇલ નંગ–બે જેની કિંમત રૂ.૧૦૦૦૦/–ગણી કુલ મુદામાલની કિંમત રૂ.૧,૩૫,૬૬૨/–ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ અને ઇંગ્લીંશ દારૂની બોટલમાંથી એક બોટલ સેમ્પલ અર્થે કાઢી લઇ પો.ઇન્સપેકટર સાયલાના હોદાનુ શીલ કરી પંચનામાની વિગતે કબ્જે કરેલ. જેનુ વિગતવારનુ પંચનામુ પો.હે.કો. એમ.એમ.પરમારનાઓએ કલાક–૧૮.૧૦ થી ૧૯.૧૫ સુધીનુ કરેલ. સદર કામની ફરીયાદ મારી સાથી કર્મચારીએ આપેલ. જે ફરીયાદ પી.એસ.ઓ. વરદાનસીંહ પરમારનાઓએ સાયલા પો.સ્ટે.ગુ.ર.નં.૨૩૬/૨૫ થી દાખલ લઇ તેની તપાસ એમ.એમ.પરમારનાઓને ડેપ્યુટ કરેલ અને તેઓએ તપાસ સંભાળી લાગતાવળગતા સાહેદોના નિવેદન લીધેલા અને ત્યારબાદ તેઓની બદલી થતા આગળની તપાસ અમોને સોપતા અમોને તપાસના કાગળો વંચાણે લેતા આરોપીઓ સામે ચાર્જશીટ કરવા પુરતા પુરાવા જણાઇ આવતા નામદાર કોર્ટમા ચાર્જસીટ રજુ રાખેલ.

જયારે સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં મુખ્યત્વે એવી હકીકત કબુલ રાખેલ છે કે, પોલીસ સ્ટેશનેથી કામગીરી અર્થે નીકળીએ ત્યારે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની હોય છે. કહેવાતા બનાવ સમયે કયા વાહનમાં હતા તેની વિગત મારી ફરીયાદમાં જણાવેલ નથી. આરોપીઓના પ્રત્યક્ષ કબ્જામાંથી પ્રોહી.અંગેનો મુદામાલ કબ્જે કરવામા આવેલ નથી. બનાવવાળી જગ્યા કોની માલીકીની અને કોના કબ્જા ભોગવટાની હતી તેનો પુરાવો ફરીયાદ સાથે રજુ રાખેલ નથી. આરોપી નં.૧ થી ૩ નાઓ બનાવવાળા સ્થળે હાજર મળી આવેલ નથી તેમજ ફરીયાદમા આરોપી નં.૩ નુ પુરૂ નામ જણાવેલ નથી. ફરીયાદમા પંચોના નામ જણાવેલ નથી. બનાવવાળી જગ્યા પાસે એક રસ્તો છે જ્યા માણસોની અવરજવર ચાલુ રહે છે. ઘણી વખત પ્રોહીબીશન મુદામાલ બિનવારસી મળી આવતો હોય છે. ખાનગી વાહનની માલીકીનો આધાર રજુ રાખેલ નથી. સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. આ સિવાય સાહેદને પુછવામાં આવેલ સવાલોના ઈન્કારમા જવાબ આપેલ છે.

(૭) આમ, દફતરી સામગ્રી ઉપર આવેલ પુરાવો જોતા, ઉપરોકત પોલીસ સાહેદો આ કામના ફરીયાદી તથા ત.ક.અ. છે અને ફરીયાદીએ સદરહુ ગુનાની ફરીયાદ નોંધાવેલ હોવાની અને ત.ક.અ.શ્રીએ સદર ગુનાની તપાસ કરેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. વધુમા તપાસ કરનાર અધિકારીએ મુદામાલ પ્રવાહીના નમુના પૃથ્થકરણ અર્થે લીધેલ છે અને એફ.એસ.એલ. તરફથી પૃથ્થકરણનો અહેવાલ રેકર્ડ ઉપર રજુ થયેલ છે. પરંતુ ફરીયાદપક્ષના કેસ મુજબ જેમની

હાજરીમા રેડ કરવામાં આવેલ છે તે પંચ/સાહેદને સદર કામે તપાસેલ છે. પરંતુ પંચ સાહેદે પણ તેમની હાજરીમા કોઈ રેડ કરવામાં આવી હોય કે તેઓ પોલીસ સાથે કયાય ગયેલ હોય અને આરોપીના કબ્જામાંથી ઈંગ્લીશ દારૂ મળી આવેલ હોય અને તે અંગેનુ વિગતવારનુ તેઓની હાજરીમાં તેઓના લખાવ્યા મુજબનુ પંચનામુ તૈયાર કરેલ હોય તેવી હકિકતને પૃષ્ટી પ્રાપ્ત થયેલ નથી. આમ, જે કાર્યવાહી આરોપી સામે થયેલ છે તેના પંચોએ આવી કોઈ જ હકીકતને સમર્થન કરેલ નથી અને પંચો એ સ્વતંત્ર છે. આ ઉપરાંત બનાવના સ્થળે સ્વતંત્ર સાહેદોની હાજરી સુચક હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીને કસુરવાન ઠરાવી શકાય નહિ.

(૮) ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિંધ્ધાંત મુજબ એવુ અનુમાન કરવાનુ હોય છે કે, જયારે સાહેદ સોંગદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓએ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે સિવાય કે, તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે. જયા સુધી એવી હકિકત સાબિત કરવામાં ન આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યા સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતુ નથી. "પુરાવાનુ મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં કયાય વ્યાખ્યાબધ્ધ કરવામા આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી. પુરાવાનુ ક્રિમીનલ જસ્ટીશ સીસ્ટમમાં સત્ય શુ છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ દ્બારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહે છે. પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલ નથી. કારણ કે, દરેક કેસની હકિકતો પુરાવાની આજુબાજુના પરીબળો તે તમામે હકિકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ મા કરવામાં આવેલ સાબિત અને ના–સાબિત વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકિકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી અનેક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકિકતનુ અસ્તીત્વ હોવાનુ માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

(૮.૧) આ કામે જોવા જઈએ તો હાલના ઈંગ્લીશ દારૂના કબ્જાના કેસમાં ફરીયાદપક્ષે પંચનામુ એ એક અગત્યનો દસ્તાવેજ છે. આ પંચનામાની હકીકતો પંચ સાહેદોના મૌખિક પુરાવાથી પુરવાર થવી જોઈએ. સદર કામે પુરાવો વંચાણે લેતા પંચ/સાહેદ પંચનામાની હકિકતોને બિલકુલ સમર્થન આપેલ નથી. આમ પંચનામુ સાબિત થતુ નથી. બનાવવાળુ સ્થળ જાહેર વિસ્તાર હોવા છતા કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. કબ્જે લેવાયેલ મુદામાલ ઈંગ્લીશ દારૂ હોય તો તે અંગેના તેમના ઉત્પાદકોના કોઈ નિવેદન લેવાયેલા નથી. એ વાત

સ્પષ્ટ થતી નથી કે, જે બોટલો કરેલ છે તે બોટલોના સીલ ઉપર પંચોની સહીવાળી કાપલી લગાવેલ નથી. બોટલો જે જપ્ત છે તેવા ઉત્પાદકો અને સક્ષમ અધિકારીનુ નિવેદન લીધેલ નથી. કહેવાતો મુદામાલ જે જગ્યાએથી કબ્જે લેવાયેલ છે તે જગ્યાની માલિકી બાબતે કોઇ તપાસ થયેલ નથી. વળી બનાવવાળો વિસ્તાર પબ્લીકની અવર જવરવાળો વિસ્તાર છે તેમ છતા પણ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી.

**(૯) નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.જી.પટેલ, જી.એચ.જે.૨૦૧૧, ભાગ–૨૬, પાના નં.૧** ધ્યાને લેતા જો મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી અગર એક પણ પંચ હોસ્ટાઇલ જાહેર થાય ત્યારે પઝેશન અને જપ્તી અને જડતીના એટલે કે, પ્રોહીબીશનના કેસો બિયોન્ડ રીઝનેબલ ડાઉટ પુરવાર થઇ શકે નહિ અને આ ચુકાદાના નામદાર હાઇકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવવા અને છોડી મુકવા ટ્રાયલ અદાલતના ચુકાદાને યથાર્થ ઠેરવેલ છે. હાલના હાથ પરના કેસમાં કથીત મુદામાલ આરોપીના સભાન કબ્જામાંથી કબ્જે લેવાયેલ છે તે પુરવાર થતુ ન હોય. આમ જડતી અને જપ્તીની પ્રક્રિયા નિઃશંકપણે પુરવાર થતી નથી.

**(૧૦)** આમ, સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઇઓ ધ્યાને લેતા આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરી શકતા ન હોય તેમજ મહત્વ અને ચાવીરૂપ પંચ સાહેદોના પુરાવાથી, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરતા અને નિઃશંક પુરાવાઓથી સાબીત કરી શકેલ હોય તેમ જણાતુ ન હોય તેમજ આરોપી ક્રિમીનલ જયુરીશપ્યુડન્સના સિંધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હક્કદાર ઠરતા હોવાનુ આ અદાલતનુ માનવુ હોય. મુદા નંબર–૧ નો જવાબ " નકારમા " ઠરાવી મુદા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**– : હુકમ : –**

(૧) આ કામના આરોપીઓ (૧) નવઘણભાઈ નાગજીભાઈ ગેલડીયા, (૨) મહીપાલનાથ જેસલનાથ બ્લોચ (૩) સોહીલભાઈ રમજાનભાઈ મમાણી, (૪) સુરજભાઇ ધીરૂભાઇ ગેલડીયા, (૫) કૃષ્ણકુમારસીંહ શીવરાજભાઇ ઝાલાને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ હેઠળ પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એઇ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુન્હામાંથી પુરતા અને નિઃશંક પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) સદર કામે મુદામાલ મોબાઇલ અને વાહન અંગે જો અગાઉ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા સદર મુદામાલ મોબાઇલ અને વાહનના તેના ખરા માલીકના આધાર પુરાવા મેળવી, ખરાઇ કરી અપીલ સમય બાદ

પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. જયારે બાકીના પ્રોહીબીશન મુદામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો.

(૩) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ ની જોગવાઇ અનુસાર આરોપીએ અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/–ની રકમના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૬, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતામા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૩/૨૦૨૬
સ્થળઃ– સાયલા.

(જયેશ વાલજીભાઇ ચૌહાણ)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.
સાયલા.
જજ કોડ–જીજે૦૦૧૪૩૧